# અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે એર શો યોજાશે

## એરફોર્સ દ્વારા રિહર્સલ : ૧૮ થી ૨૨ સુધી સાંજે ચાર વાગ્યાથી છ વાગ્યા સુધી એર શો

અમદાવાદ,તા.૧૫

એક વર્ષ બાદ ગુજરાતમાં ડિફેન્સ એક્સપો યોજાવાનો છે, જે અંતર્ગત અમદાવાદમાં એર શોનું આયોજન કરાયું છે. ત્યારે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એર શો થશે. એ અંતર્ગત હાલમા સાબરમતી નદીમાં અટલબ્રિજ પાસે શુક્રવાર સાંજથી સોશિયલ મીડિયામાં આગ લાગી હોવાના વીડિયો વાઈરલ થયા હતા. ત્યાર બાદ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ટ્વિટર પર ટ્વીટ કરીને અટલબ્રિજ પાસે કોઈ આગની ઘટના નહીં, પરંતુ ડિફેન્સ એક્સપો હેઠળ ડેમોન્સ્ટ્રેશન કરાયું હોવાની જાણકારી લોકોને આપવામાં આવી છે. ગુજરાતમાં પહેલીવાર યોજાનારા ડિફેન્સ એક્સપો અતંર્ગત ગાંધીનગર અને અમદાવાદમાં વિવિધ આયોજન કરાયાં છે, જેમાં અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એર શોનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૮ ઓક્ટોબરથી ૨૨ ઓક્ટોબર સુધી રિવરફ્રન્ટ પર સાંજે ચાર વાગ્યાથી છ વાગ્યા સુધી એર શો યોજાવાનો છે.

આ એર શોને લઈને એરફોર્સ અને આર્મી દ્વારા રિવરફ્રન્ટ પર રિહર્સલ કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદના આકાશમાં રોજ સાંજે અલગ અલગ હેલિકોપ્ટર ઉડાઊડ કરે છે. આ હેલિકોપ્ટર દ્વારા એર શોની તૈયારી માટે રિહર્સલ કરવામાં આવી રહ્યું છે. અટલબ્રિજથી જમાલપુર બ્રિજ વચ્ચેની નદીમાં હેલિકોપ્ટરમાંથી સેનાના જવાનો વિવિધ પ્રકારનાં કરતબો બતાવી રહ્યા છે. મોટી સંખ્યામાં લોકોની ભીડ આ કરતબ જોવા ભેગી પણ થાય છે. જોકે રિવરફ્રન્ટના પટ્ટા પર કોઈપણ નાગરિકને પ્રવેશ આપવામાં નથી આવ્યો. એર શોમાં ઈન્ડિયન



એરફોર્સનું બેસ્ટ હેલિકોપ્ટર સારંગ આ વખતે ભાગ લેશે. આ ઉપરાંત નાનાં-નાનાં હેલિકોપ્ટર દ્વારા પણ વિવિધ કરતબ કરવામાં આવશે. આ ઉપરાંત અત્યારે રેસ્ક્યૂનું પણ રિહર્સલ કરવામાં આવે છે, જે એર શોમાં આકર્ષણ બની રહેશે. ઈન્ડિયન નેવીનું સી કિંગ હારપુન હેલિકોપ્ટર પણ રોજ સાંજે રિવરફ્રન્ટ પર રિહર્સલ માટે ઉપયોગમાં લેવામાં આવી રહ્યું છે. રિવરફ્રન્ટ પર દ્ગઢ્ઢઈહ્લ અને ફાયરની ટીમ તકેદારીના ભાગરૂપે રાખવામાં આવી છે.

# આજે અતિ રૂદ્ર યજ્ઞની પૂર્ણાહુતિ



ગાંધીનગર, તા.૧૫

પંચદેવ મંદિરના પ્રાંગણમાં ગાંધીનગર રૂદ્રાભિષેક મંડળની સુવર્ણ જયંતિ નિમિત્તે યોજાયેલ અતિ રૂદ્ર યજ્ઞની પૂર્ણાહુતિ તા.૧૬મીને રવિવારે યોજાશે. છ દિવસ પૂર્વે આરંભાયેલ યજ્ઞમાં ૧૦૧ બ્રાહ્મણો દ્વારા દસ લાખ આહુતિઓ અપાઈ છે. ૧૧ મહારૂદ્ર એટલે કે ૧૨૧ લઘુરૂદ્રના શ્લોકોનું ગાન કરાયું છે. સાત દિવસ દરમ્યાન ચારેય વેદની રૂચાઓનું પંડિતો દ્વારા આહ્વાન સાથે આહુતિઓ અપાઈ છે. ભગવાન શંકરને પ્રસન્ન કરવાની આ અલૌકિક ઘટનાએ ભારે શ્રધ્ધા જગાવી છે. વ્યાસાસને બિરાજતાં પૂ.કનુભાઈ ત્રિવેદીએ વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું હતું કે, આઠ અધ્યાયમાં વિસ્તૃત રીતે વર્ણવાયેલ ભગવાનના અનેક પ્રસંગોને આવરી લેતી રૂચાઓ અને શ્લોકો દ્વારા સ્તુતિ કરાઈ છે. ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમવાર યોજાયેલ અતિરૂદ્ર યાગમાં વૈવિધ્ય વ્યવસાયમાં જોડાયેલા ભૂદેવો દસ-દસ કલાક સ્તુતિ ગાન કરે છે. સર્વશ્રી રવિન્દ્રભાઈ દવે, ઈશ્વરભાઈ ભોગયટા, બી.ડી.શર્મા, અખિલેશ પુરોહિત, ઘનશ્યામભાઈ શુક્લ તથા રમણિકભાઈ વ્યાસના સંકલન દ્વારા યોજાયેલા આ યજ્ઞના દર્શને ભાવિકો મોટી સંખ્યામાં ઉમટે છે.

### અમદાવાદની યશકલગીમાં ઉમેરાશે વધુ એક પીછું

# નરોડામાં ગુજરાતનો સૌથી લાંબો ઓવરબ્રિજ બનશે

## આધુનિક ડિઝાઈન સાથે આ બ્રિજ ૧૬૫ કરોડના ખર્ચે નરોડા પાટીયા જંક્શનથી નરોડા ગેલેક્સી ક્રોસ રોડ સુધી બનશે

અમદાવાદ,તા.૧૫

અમદાવાદના વિકાસમાં વધુ એક કલગીનો ઉમેરો થશે. નરોડા પાટિયા ઉપર ગુજરાતનો સૌથી લાંબો બ્રિજ બનવા જઈ રહ્યો છે.

આ ઓવરબ્રિજ માટે સૈદ્ધાંતિક મંજૂરી રાજ્ય સરકાર અને છસ્ઝ્ર દ્વારા અપાઈ છે અને ટૂંક સમયમાં તેનું ભૂમિપુજનપણ થવા જઈ રહ્યું છે. નરોડા પાટિયા પર બનનાર ઓવરબ્રિજ ગુજરાતનો સૌથી લાંબો બ્રિજ ગણાશે. આધુનિક ડિઝાઈન સાથે આ બ્રિજ ૧૬૫ કરોડના ખર્ચે નરોડા પાટીયા જંક્શનથી નરોડા ગેલેક્ક્ષી ક્રોસ રોડ સુધી બનશે. કુલ 3 Km લાંબા બ્રિજથી અમદાવાદના લોકો સીધા જ હિંમતનગર અથવા રાજસ્થાન જઈ શકશે. બ્રિજ ઉપર ચડવા અને ઉતરવા માટે એક્ઝીટ પણ આપવામાં આવશે. બ્રિજ બનવાથી ૨ થી ૨. ૫ કલાકનો ટ્રાફિકમાં લાગતો સમય પણ બચી જશે. તમને જણાવી દઈએ કે નરોડા પાટિયાથી દરરોજ અહીંથી અંદાજિત ૧.૫ -૨ લાખ વાહનો અહીંથી પસાર થાય છે. અગાઉ છેલ્લા ઘણા વર્ષોથી મનપાના બજેટમાં નરોડા પાટિયા બ્રિજનું કામ કેરી ફોરવર્ડ થઈ રહ્યું હતું. પરંતુ આખરે તે સુખનો દિવસ આવી ગયો.

ઉલ્લેખનીય છે કે, શહેર હવે દિવસિને દિવસે વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. સાથે સાથે શહેરમા ટ્રાફિક સમસ્યા પણ એટલી જ વિકટ બની રહી છે. બીજી બાજુ શહેરમા વર્ષે દહાડે રોડ પર લાખો વાહનોનો ઉમેરો થતો જાય છે. શહેરના રસ્તાઓ હવે વાહનો માટે સાંકળા બની રહ્યા છે. ત્યારે આ ઓવરબ્રિજ ઘણા મહત્વપૂર્ણ બની રહેશે. નરોડા પાટિયા જંક્શનથી નરોડા ગેલેક્સી ક્રોસ રોડ સુધી ઓવર બ્રિજ નીચેથી ત્રણ જંક્શન પસાર થશે. નરોડા પાટિયા જંકશન, નરોડા દેવી સિનેમા અને નરોડા ગેલેકક્ષી ક્રોસ રોડ ત્રણ જંકશન ઉપરથી આ બ્રિજ પસાર થશે.સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે અમદાવાદ શહેરમાં વધુ નવા ૨૦ બ્રિજનું આયોજન કરાયું છે. ૨૦ પૈકી ૭ વિસ્તારમાં આવેલા ટ્રાફિક જંકશન પ્રાધાન્ય અપાયું છે. સાત બ્રિજ પૈકી નરોડા પાટિયા જંક્શનથી નરોડા ગેલેક્સી ક્રોસ રોડ સૌથી લાંબો બ્રિજ હશે.

### મોદી ફરી આવશે ગુજરાતના આંગણે

# રાજકોટવાસીઓને કરોડોના વિકાસકાર્યોની ભેટ આપશે

## વડાપ્રધાન મોદી પાંચ હજાર કરોડના વિકાસકાર્યોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ કરશે

રાજકોટ,તા.૧૫

ગુજરાતમાં ચૂંટણીને ધ્યાને લેતા છેલ્લાં કેટલાય દિવસથી પીએમ મોદીના પ્રવાસ ગુજરાતમાં વધી ગયા છે. ત્યારે એકવાર ફરી ૧૯ ઓક્ટોબરે મોદી ગુજરાત આવશે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૯ ઓક્ટોબરના રોજ રાજકોટની મુલાકાત લેવાના છે. રાજકોટવાસીઓ મોદીને આવકારવા માટે આતુર બન્યા છે.

તો બીજી તરફ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રવાસને લઈ RMCએ પણ તડામાર તૈયારી કરી છે. રાજકોટમાં મોદી ૫ હજાર કરોડના વિકાસકાર્યોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ કરશે. સિવિલ હોસ્પિટલ, ચોક નાના મહુવા ચોક અને રામદેવપીર ચોક ખાતે ૨૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૩ બ્રિજની શરૂઆત થશે. આ બ્રિજની શરૂઆત થતા ૭ લાખથી વધુ વાહનોને ટ્રાફિકની સમસ્યાથી રાહત મળશે. ૧૯મીએ રાજકોટ એરપોર્ટથી રેસકોર્સ સુધીના ભવ્ય રોડ-શોના આયોજન અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી.

રાજકોટ શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિક સમસ્યમા વધારો થઈ રહ્યો છે તેને હલ કરવા માટે હલ કરવા માટે તંત્ર દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં અંડર બ્રિજ અને ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યા છે. આગામી ૧૯ તારીખના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે શહેરના સિવિલ હોસ્પિટલ ચોક નાના મહુવા ચોક અને રામદેવપીર ચોક ખાતે ૨૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા ત્રણ ઓવરબ્રિજને ખુલ્લા મુકવામાં આવશે.આ ત્રણેય બ્રિજ પરથી પસાર થતાં સાત લાખ વાહન ધારોકોને ટ્રાફિક સમસ્યા માંથી મુક્તિ મળશે. હોસ્પિટલચોક બ્રિજ જામનગર, અમદાવાદ તરફ જવા માટે ખૂબ જ ઉપયોગી બનશે. તેમજ ૫૦૦૦ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોના ખાતમુરત અને લોકાર્પણ કરવામાં આવશે. સમગ્ર રાજકોટ વડાપ્રધાન મોદીને આવકારવા માટે થનગની રહ્યું છે. રેસકોર્સમાં ૧.૫ લાખ લોકો એકત્ર કરવાનો અંદાજ છે. મેયર બંગલાને પણ શણગારવામાં આવ્યો છે. રેસકોર્સ ફરતે રોશનીથી ઝળહળાટ થશે. મનપા,જિલ્લા વહીવટી તંત્ર અને ભાજપના અગ્રણી દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

### અમદાવાદમાં નોંધાયો અનોખો વર્લ્ડ રેકોર્ડ

# ૩૦૦ જેટલાં તબલા પ્લેયર્સ વિદ્યાર્થીઓએ ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યા

## ૨૦૧૧માં ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું હતું




અમદાવાદ,તા.૧૫

કલા ક્ષેત્રે અનેક ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાય છે. ત્યારે આજે શ્રેયસ ફાઉન્ડેશનના ઓપન થિયેટર ખાતે ૩૦૦ જેટલાં તબલા પ્લેયર્સ વિદ્યાર્થીઓએ ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. વિવિધ ક્ષમતાના બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.તબલાના શિક્ષક એવા મુંજાલ મહેતાએ આ સંદર્ભે જણાવ્યું હતું કે આ તમામ બાળકો જુદી જુદી સંસ્થાઓમાં વગાડવાનું શીખી રહ્યા છે અને પ્રથમ વખત તેમણે ૨૦૧૧માં ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું હતું અને આજે બીજી વાર મેળવશે. આ રેકોર્ડ એક રીલે રેકોર્ડ છે કે જેમાં એક સ્ટુડન્ટ ૨૦ સેકન્ડ સુધી વગાડશે તેનું ફિનિશ થશે એટલે તરત જ બીજો સ્ટુડન્ટ વગાડશે. એટલે વચ્ચે વિદ્યાર્થીને કોઈ જ ગેપ નહીં મળે. આ કાર્યક્રમમાં પૂર્વ મેયર અસિત વોરા, ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના જજ તેમજ અન્ય અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા. ધ મોસ્ટ પીપલ ઈન અ હેન્ડ ડ્રમિંગ રીલેમાં અમદાવાદના ૩૦૦ જેટલા તબલા વાદકોએ ગિનિસ બુક ઓફ વલ્ડ રેકોર્ડ પોતાના નામ કર્યું. આજે આ રેકોર્ડ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યું છે. આ રેકોર્ડ શ્રેયસ ફાઉન્ડેશન ખાતે સર્જવામાં આવ્યો છે. જયારે ૧૬ ઓક્ટોમ્બરમાં ગુજરાત યુનિવર્સિટીના શ્રી રંગમ નાટ્યશાળા ઓપન એયર થિયેટર, ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટ ખાતે ૨૫૦ તબલા વાદક સતત ૭૫ કલાક સુધી તબલા વગાડીને વર્લ્ડ રેકોર્ડ સર્જશે. લગભગ ૧ વર્ષથી તમામ તબલા વાદક આ માટે મહેનત કરી રહ્યા હતા.

# ઠાકોર સમાજના બે યુવાનોને LCB એ માર મારતા ગુજરાત બંધની ચીમકી

## પાટણમાં ખુદ કાયદાના રક્ષક બન્યા ભક્ષક : અખિલ ભારતીય ક્ષત્રિય મંચ દ્વારા રેલી કાઢી કરાઈ માંગ કલેક્ટરે ૪૮ કલાકમાં એક્શન લેવાની આપી હૈયા ધારણા

પાટણ ,તા.૧૫

પાટણના સરદાર કોમ્પલેક્ષમાં ગાડી પાર્ક કરવાની નજીવી બાબતે વામૈયા ગામના ઠાકોર સમાજના બે યુવકોને પોલીસકર્મીના ભાઈ સાથે ઝઘડો થતાં ન્ઝ્રમ્ પોલીસના કર્મચારી દ્વારા બંને યુવકોને ઢોરમાર મારવામાં આવતા ઠાકોર સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે પાટણમાં આજે અખિલ ભારતીય ક્ષત્રિય મંચ દ્વારા રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં મોટી સંખ્યામાં લોકો 'ખાખી વર્દી શરમ કરો', 'જાલીમ પોલીસ હાય હાય', 'રક્ષક બન્યા ભક્ષક' તેવા લખાણ સાથેના બેનરો લઈને જોડાયા હતા.

આ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરીને પાટણ કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી. કલેક્ટર કચેરી ખાતે અખિલ ભારતીય ક્ષત્રિય મંચ દ્વારા ન્ઝ્રમ્ પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. જે બાદ અખિલ ભારતીય ક્ષત્રિય મંચના આગેવાનો દ્વારા જવાબદાર એલસીબીના પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવાની માંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત જો યુવાનોને ન્યાય નહીં મળે તો ગુજરાત બંધનું એલાન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. આ તકે ક્ષત્રિય સમાજના અગ્રણીએ જણાવ્યું હતું કે, 'આતંકવાદીઓ, નક્સલવાદીઓ, દુષ્કર્મીઓ સાથે જે વ્યવહાર ન થાય એવો વ્યવહાર વેપારી કક્ષાના દિકરાઓ સાથે થયો છે. જવાબદાર સામે તત્કાલપણે ડિસમિશ, સસ્પેન્ડ, વિવિધ કલમો સાથે ફરિયાદ નોંધવામાં આવે તેવી બુલંદ માંગ સાથે આજે અમે આવેદન પત્ર આપવા જઈ રહ્યા છીએ. જો માંગ નહીં સંતોષાય તો આગામી દિવસોમાં પાટણ કલેક્ટર કચેરી ખાતે ધરણા પણ બેસીશું, પાટણ બંધનું એલાન પણ આપીશું. જરૂર પડશે તો ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં આવેદનપત્ર પણ આપીશું. ગુજરાત બંધનું એલાન આપીશું.- પાટણના સરસ્વતીનગરના વામૈયાના બળવંતજી ઠાકોર અને અરવિંદજી ઠાકોર નામના ૨ યુવકોને પોલીસે બેફામ માર માર્યો હોવાની રાવ ઉઠી છે. પાટણમાં ફેબ્રિકેશનની દુકાન ચલાવતા બંન્ને યુવકો ગાડી લઈને પસાર થઈ રહ્યા હતા. આ વેળાએ કોમ્પલેક્ષમાં ગાડી પાર્ક કરવા જેવી નજીવી બાબતે પોલીસકર્મીના ભાઈ સાથે ઝઘડો થયો હતો. જે બાદ એલસીબી પોલીસ બળવંતજી ઠાકોર અને અરવિંદજી ઠાકોરને ઉઠાવી ગઈ હતી.- જ્યાં બળવંતજી ઠાકોર અને અરવિંદજી ઠાકોરને દંડા-પટ્ટાથી આડેધડ માર મારવામાં આવ્યો હતો. આ દરમિયાન યુવાનને ગંભીર ઈજા પહોંચતા બંનેને સારવાર અર્થે ખસેડવાની નોબત આવી હતી. જેને લઈને ગંભીર હાલતમાં બંને યુવકોને ધારપુર હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. - બે ભાઈઓને પાટણ ન્ઝ્રમ્ પોલીસના કર્મચારી દ્વારા માર મારવામાં આવતા ઠાકોર સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. સમાજના અગ્રણીઓ દ્વારા કાર્યવાહી કરવાની માંગ સાથે રેલી કાઢી એસ.પી કચેરી ખાતે રજૂઆત કરવામાં આવી હતી. જે બાદ એસ.પી દ્વારા આ સમગ્ર ઘટનાની તપાસ ડીવાયએસપીને સોંપાઈ હતી. - બી ડિવિઝન પોલીસ દ્વારા ગાડી પાર્ક કરનાર યુવક રાહુલ પટેલ, એલસીબી પી.આઈ આર.કે અમીન, પોલીસ કર્મચારી ગણપતભાઈ, અંબાલાલ તેમજ અન્ય એક પોલીસકર્મી મળી કુલ ૫ લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી હતી.

# કિસાન સંઘના પ્રશ્નોના નિરાકરણ માટે દસ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિની રચના

ગાંધીનગર, તા.૧૫

ભારતીય કિસાન સંઘ-ગુજરાત પ્રદેશ દ્વારા રજૂ થયેલા રાજ્યના ખેડૂતોના અગત્યના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ૧૦ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવાનો નિર્ણય કર્યો છે.

ભારતીય કિસાન સંઘની રજૂઆતો સંદર્ભે રાજ્ય મંત્રી મંડળના સભ્યો, સંબંધિત વિભાગોના અધિકારીઓ અને સંઘના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં અગાઉ તારીખ ૩ અને ૪ ઓક્ટોબરે બેઠક યોજીને ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં ખેડૂતોના પડતર પ્રશ્નોને અનુલક્ષીને સરકાર દ્વારા વિધેયાત્મક નિર્ણયો લેવાના દિશાનિર્દેશો આપ્યા હતા.

તદ્અનુસાર, રાજ્ય મંત્રી મંડળના ૩ મંત્રીશ્રીઓ સહિત ૧૦ સભ્યોની એક ઉચ્ચ સ્તરીય સમિતિની જે રચના કરવામાં આવી છે, તેમાં ભારતીય કિસાન સંઘના પ્રતિનિધિઓને પણ સભ્ય તરીકે નિમવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ જે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે, તેમાં શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, કૃષિમંત્રીશ્રી રાઘવજી પટેલ, નાણાં અને ઊર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ ઉપરાંત કૃષિ-વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના તેમ જ ઊર્જા વિભાગના અગ્ર સચિવશ્રીની તથા પશુપાલન અને સિંચાઈ વિભાગના સચિવશ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સભ્યો ઉપરાંત ભારતીય કિસાન સંઘના બે પ્રતિનિધિઓ, શ્રી આર. કે. પટેલ અને શામજીભાઈ મયાત્રા પણ સમિતિના સભ્યો રહેશે. આ ઉચ્ચ સ્તરીય સમિતિ કિસાન સંઘ પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે યોગ્ય વિચારણા કરી રાજ્ય સરકારને પોતાનો અહેવાલ સુપ્રત કરશે, તેમ પણ જણાવવામાં આવ્યું છે.

# સુરતમાં થશે ૫૧૦૦ કુંડી યજ્ઞ, નાસાના વૈજ્ઞાનિક સામેલ થશે

સુરત,તા.૧૫

ભારતીય સંસ્કૃતિમાં યોગ,પ્રાણાયામ, મેડિટેશન કે પછી પ્રાર્થના, યજ્ઞ, હવન અને સેવાનું અનેરું મહત્વ છે. આ બારેક બાબત આપણા શરીર અને આત્માને આધ્યાત્મિક શક્તિ તરફ વાળે છે. અને આ મેડિટેશન અને યજ્ઞનું મહત્વનો દુનિયાના વૈજ્ઞાનિકએ પણ સ્વીકાર્યું છે. પ્રાચીન સમયમાં જયારે ઋષિમુનિઓ ધ્યાન અને સાધના કરીને એક અલગ શક્તિ મેળવતા હતા. ઋષિમુનિઓ એ આપણા વેદમાં ધ્યાન, યજ્ઞનું મહત્વ પોતાના ગ્રંથમાં તેનું મહત્વ દર્શાવ્યું હતું. આવી જ રીતે મનની શાંતિ અને આધ્યાત્મિકતા તરફ લઈ જવા માટે વિહંગમ યોગનું પણ ઘણું જ મહત્વ છે.જનને પરમઆત્માની પ્રાપ્તિ સરળતાથી થાય એ માટે મહર્ષિ સદાફળદેવ મહારાજે વિહંગમ યોગની સ્થાપના કરી હતી. અને આ વિહંગમ યોગની સંસ્થા દ્વારા સુરતમાં માર્ચ મહિનામાં ૫૧૦૦ કુંડી વૈદિક મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. અને આ મહાયજ્ઞમાં નાશાના વૈજ્ઞાનિક હેમત સિંઘ પણ સામેલ થશે. અને આ યજ્ઞના આયોજન હેતુ આ વૈજ્ઞાનિક સુરતની મુલાકાતે આવ્યા હતા. અને તેમણે આ યજ્ઞનું મહત્વ સમજાવ્યું હતું. અને આ વિહંગમ યોગ શુ છે. અને તેમને કેવી રીતે દુનિયાના બીજા વૈજ્ઞાનિક સામે કઈ રીતે યોગનું મહત્વ સાબિત પણ કર્યું હતું.

## ૨૨ના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

એર્દોગને કહ્યું કે, તે પોતાના આજે થનારા તમામ કાર્યક્રમો રદ કરી દેશે અને શનિવારે દુર્ઘટનાસ્થળે પહોંચશે. તેમણે આશા વ્યક્ત કરી છે કે, મજૂરોને જીવતા બહાર કાઢવા અને મૃતકોની સંખ્યામાં વધારો થશે નહીં. તેમણે કહ્યું કે, તેના માટે તમામ પ્રયાસો ચાલુ છે.

## એશિયા કપ જીત્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. શ્રીલંકન ટીમનો નિર્ણય ખોટો સાબિત થયો હતો. ભારતીય બોલરો સામે એક પણ બેટ્સમેન ટકી શક્યા નહોતા. શ્રીલંકાએ ૨૦ ઓવરમાં માત્ર જ વિકેટના નુકસાન પર ૬૫ રન બનાવ્યા હતા જેના જવાબમાં ભારતીય મહિલા ટીમે ૮.૩ ઓવરમાં ટાર્ગેટ પાર પાડ્યો હતો.

તેમજ ફાસ્ટ બોલર રેણુકા સિંહે ૩ વિકેટ ઝડપીને શ્રીલંકન ટીમને સંપૂર્ણપણે ઘૂંટણિયે પાડી દીધી હતી. એ પછી રાજેશ્વરી ગાયકવાડ અને સ્નેહ રાણાએ ૨-૨ વિકેટ પોતાના નામે કરી હતી. મહત્વનું છે કે, અત્યાર સુધીની મહિલા એશિયા કપની ૮ સિઝન થઈ છે. જેમાંથી ૭ સિઝનમાં ભારતીય ટીમે ટાઈટલ પોતાના નામે કર્યું છે.

## ગ્લોબલ હંગર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હંગર ઈન્ડેક્સની ગણતરી કરવા માટે વપરાતી પદ્ધતિ અવૈજ્ઞાનિક છે. દક્ષિણ એશિયામાં માત્ર અફઘાનિસ્તાન ભારતથી પાછળ છે. મહત્વનું છે કે, સુદાન, ઈથોપિયા, રવાન્ડા, નાઈજીરીયા, કેન્યા, ગામ્બિયા, નામીબિયા, કંબોડિયા, મ્યાનમાર, ઘાના, ઈરાક, વિયેતનામ, લેબેનોન, ગુયાના, યુક્રેન અને જમૈકા જેવા દેશો પણ આ ઈન્ડેક્સમાં ભારતથી ઘણા ઉપર છે.

જોકે, ભારતે અન્ય બે સૂચકાંકોમાં સુધારો દર્શાવ્યો છે. ૨૦૧૪ અને ૨૦૨૨ ની વચ્ચે બાળ મરણ દર ૩૮.૭% થી ઘટીને ૩૫.૫% થયો છે, અને બાળ મૃત્યુદર પણ સમાન સમયગાળામાં ૪.૬% થી ઘટીને ૩.૩% થયો છે. ૨૦૧૪માં ભારતનો જીએચઆઈ સ્કોર ૨૮.૨ હતો, જે હવે ૨૦૨૨માં વધીને ૨૯.૧ થઈ ગયો છે. આ સ્થિતિ ભારત માટે બિલકુલ સારી નથી.

વૈશ્વિક સ્તરે, તાજેતરના વર્ષોમાં ભૂખ સામેની પ્રગતિ મોટાભાગે અટકી ગઈ છે. ૨૦૨૨નો જીએચઆઈ સ્કોર વિશ્વ માટે ''મધ્યમ'' ગણવામાં આવે છે, પરંતુ ૨૦૨૨માં ૧૮.૨ અને ૨૦૧૪માં ૧૯.૧ કરતા તે માત્ર થોડો સુધારો છે. કોરોના મહામારી અને રશિયા યુક્રેન ક્રાઈસિસને પગલે મોંઘવારીમાં થતા સતત વધારાને પગલે ભૂખમરાની સ્થિતિમાં વધારો થાય તેવી શક્યતા છે.

## ભારે વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીએસએમઆઈએએ તમામ મુસાફરોને તેમની સંબંધિત એરલાઈન્સ સાથે ફ્લાઈટની સ્થિતિ તપાસવાની પણ સલાહ આપી છે. મુંબઈ અને આસપાસના ઘણા વિસ્તારોમાં છેલ્લા કેટલાક કલાકોથી સતત વરસાદ પડી રહ્યો છે. તમિલનાડુ અને આંધ્રપ્રદેશમાં પણ સતત વરસાદ થઈ રહ્યો છે. મુદૈરૈ સહિત તમિલનાડુના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. તે જ સમયે, ભારે વરસાદ વચ્ચે આંધ્રપ્રદેશના વિજયવાડામાં કૃષ્ણા નદીમાં પાણી વધ્યા બાદ પ્રકાશમ બેરેજ પર પૂરની ચેતવણી આપવામાં આવી છે. કૃષ્ણા નદીમાં પૂર બાદ પાણી વધીને ૪.૦૭ લાખ ક્યુસેક થઈ ગયું છે.

ગોવામાં પણ વરસાદે હોબાળો મચાવ્યો છે. દક્ષિણ ગોવામાં ભારે વરસાદને કારણે મંડોવી નદીનું જળસ્તર વધવાથી અને તેના પરનો પુલ ધોવાઈ જતાં દૂધસાગર ધોધ નજીક ફસાયેલા ઓછામાં ઓછા ૪૦ પ્રવાસીઓને રાજ્ય સરકાર દ્વારા તૈનાત કરાયેલા લાઈફગાર્ડ્સ દ્વારા બચાવી લેવામાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદ પડી રહ્યો છે. આ ઘટના સાંજે બની હતી. મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતે બચાવ કામગીરી માટે હાહાકાર મચાવ્યો છે. બચાવનારાઓની પ્રશંસા કરી છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, પાણીનું સ્તર વધવાને કારણે માંડોવી નદી પરનો પુલ ધોવાઈ ગયો હતો, જેના કારણે દૂધસાગર ધોધ પાસે ઓછામાં ઓછા ૪૦ પ્રવાસીઓ ફસાયા હતા. તે જ સમયે, રાજધાની દિલ્હીમાં શનિવારની સવાર ખુશનુમા રહી. હળવા સૂર્યપ્રકાશ સાથે, લઘુત્તમ તાપમાન ૧૮.૮ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતાં એક ડિગ્રી ઓછું હતું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ